CRMA NO.385/2026

જેતપુર સીટી પોલીસ સ્ટેશન ગુના રજિસ્ટર નં.૦૩૩૭/૨૦૨૬, બી.એન.એસ.કલમ-૧૧૫(૨), ૨૯૬બી, ૫૪ મુજબ ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ ફોન પરત મેળવવાની અરજદાર **હેમાંશી અશોકભાઈ વાઘેલા**ની અરજી લગત હુકમ.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

(૧) અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદારની કાયદેસરની માલિકી કબજા ભોગવટાનો OLD IPHONE-13 PRO MAX મોબાઈલ ફોન જેના IMEI No.355980289822979 છે. તે મુદ્દામાલ ઉપરોકત ગુનાના કામે કબજે કરેલ છે. તે મુદ્દામાલ વચ્ચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા હાલની આ અરજી કરેલી છે.

(૨) આ કામે અરજદારની અરજી વંચાણે લીધી. અરજી અનુસંધાને રજૂ થયેલ દસ્તાવેજી આધારો તથા પોલીસ અભિપ્રાય તેમજ પંચનામુ તેમજ મુદ્દામાલ પાવતી ધ્યાને લીધા. સરકારી વકીલશ્રીને સાંભળ્યા.

(૩) તપાસ કરનાર અમલદારે તેઓનો અભિપ્રાય આપેલ છે જે ધ્યાને લેતાં, સદરહુ મુદ્દામાલ છોડવામાં આવશે તો ફરી આવા ગુનામાં ઉપયોગ કરશે તેવી દહેશત હોય જેથી ઉપરોકત મુદ્દામાલ મોબાઈલ ફોન નહિ છોડવા બાબતનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

(૪) હવે, મુદ્દામાલ અભિપ્રાયની સાથે મુદ્દામાલ કબજે કરેલ પંચનામુ તથા મુદ્દામાલ પાવતી રજૂ છે. આ કામે પંચનામુ તથા મુદ્દામાલ પાવતી ધ્યાને લેતાં, સદરહુ ગુનાના કામે મુદ્દામાલ મોબાઈલ ફોન કબજે કરેલ હોવાનુ જણાય આવે છે.

(૫) વધુમાં, આ કામના અરજદાર તરફે દસ્તાવેજી લિસ્ટ રજૂ કરેલ છે. જે ધ્યાને લેતાં, અરજદારના આધાર કાર્ડની નકલ, અરજદારના નામના બીલની નકલ, એફ.આઈ.આર. તેમજ મુદ્દામાલ અંગે નો-કલેઈમ પુરશીસ રજૂ થયેલ છે. તેમજ અરજદારે સોગંદનામું રજુ કરી જાહેર કરેલ છે

કે મોબાઈલ બીલમાં શરતચુકથી ઢીગુ વાઘેલા લખાયેલ હોય જે ખરુ નામ હેમાંસી હોય  જે ધ્યાને લેતાં, સદરહુ મોબાઈલ ફોનના માલિક હાલના અરજદારના હોવાનું જણાય આવે છે. જેથી અરજદારને મુદ્દામાલ વચ્ચગાળાની પરત કસ્ટડી તરીકે સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવું છે.

(૬) વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે *સુંદરલાલ અંબાલાલ દેસાઈ* વિરુદ્ધ *સ્ટેટ ઑફ ગુજરાત*નો કેસ કે જે જી.એલ.આર.૨૦૦૩(૨) પાન નં.૧૩૩૭ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમા નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ ગાઈડલાઈન મુજબ કબજે કરેલ મુદ્દામાલ અરજદારને નીચેની શરતોને આધીન કામ ચલાઉ ધોરણે પરત સોંપવું વાજબી જણાતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // **હુકમ** //

આ કામના અરજદારે OLD IPHONE-13 PRO MAX મોબાઈલ ફોન જેના IMEI No.355980289822979 છે. તે મુદ્દામાલ તેની મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી અરજદારને નીચેની શરતોને આધીન માત્ર વચ્ચગાળાના ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

**૧.** અરજદારે જયારે અને જયા નામદાર કોર્ટ મંગાવે ત્યારે તુરત મુદ્દામાલ મોબાઈલ ફોન સ્વખર્ચે રજૂ કરવાનુ રહેશે.

**૨.** અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન આ કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી અન્ય કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવો કરાવવો નહિ.

૩. મુદ્દામાલ મોબાઈલ ફોનના પ્રકારમાં(સ્વરૂપ)માં કોઈપણ જાતનો ફેરફાર કરવો નહિ અને તેની યથાવત સ્થિતિ જાળવી રાખવી.

૪. અરજદારે ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ મોબાઈલ ફોનની ઓળખ સંબંધે કોઇ તકરાર ઉપસ્થિત કરવી નહિ.

૫. અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોનનો કોઇ ગુનાહિત કૃત્યમાં ઉપયોગ કરવો કરાવવો નહિ.

૬. તપાસ કરનાર અમલદારશ્રીએ અરજદારના ખર્ચે મુદ્દામાલ મોબાઈલ ફોનના દરેક બાજુના કલર ફોટોગ્રાફ પાડીને આ હુકમની તારીખથી દિન–૦૭માં અત્રેની અદાલતમાં રજૂ કરવા.

૭. અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન અંગે મુદ્દામાલ પાવતી અને પંચનામામાં જણાવેલ મોબાઈલ ફોનની કિંમતના દોઢી રકમના બોન્ડ તથા જામીન સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.

૮. સંબંધિત કર્મચારીએ જો સદરહુ કામે ચાર્જશીટ થઇ ગયેલ હોય તો ફોજદારી કેસમાં સદર અરજીનું તમામ રેકર્ડ હુકમ સાથે સામેલ રાખવુ અને જો ચાર્જશીટ થયેલ ના હોય તો સંબંધિત કર્મચારીએ ચાર્જશીટ થયેથી સદરહુ અરજીનું તમામ રેકર્ડ હુકમ સાથે ફોજદારી કેસમાં સામેલ રાખવુ.

૯. આ હુકમ સંબંધે સંબંધિત પોલીસ સ્ટેશનમાં યાદી કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૨, માહેઃજુન, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ–૧૨/૦૬/૨૦૨૬.**
**સ્થળઃ– જેતપુર.**

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જેતપુર.**
**કોડ નં.જી.જે.૦૧૫૬૩**